**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૩ ટકા

# માસ્ક ન પહેરેલા ૧૦ શાકભાજીના વેપારી સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૮
લોકડાઉન વચ્ચે નગરમાં માત્ર જીવનાજરૂરીયાતાની ચીજવસ્તુઓ મળી રહે છે. શહેરના અન્ય ચીજવસ્તુઓનો વેપાર ઠપ થઈ ગયો છે. ત્યારે વેપાર-ધંધામાં પણ નિયમોનું પાલન નહી કરતા નાગરીકો સામે પોલીસ તંત્ર દ્વારા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સેકટર-૭ પોલીસે વાવોલ ખાતેથી ૮ જયારે સેકટર-૩ ખાતેથી બે શાકની લારીવાળાએ માસ્ક પહેર્યું ન હતું અને ગ્રાહકો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ ન જાળવવા બદલ ગુનો નોંધ્યો હતો. સેકટર-૩ બી ના આંતરીક માર્ગ પર પોલીસે મયુર જગાભાઈ રાવળ અને અમરતબેન આત્મારામ પટ્ટણી, ને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉપરાંત વાવોલ ગામના વિવિધ વિસ્તારમાંથી પોલીસે શાકભાજીની લારી લઈને ઉભા રહેલા ૮ વેપારીને પકડી પાડ્યા હતા.જેમાં વાવોલ વિસ્તારમાં રહેતા ગોમતીબેન રમેશજી દંતાણી અને સોમીબેન ભાવેશભાઈ દંતાણી, નટવરભાઈ ગલાભાઈ રાવળ, દેવાંગભાઈ શકરાભાઈ દંતાણી, ગેલાભાઈ જગાભાઈ દંતાણી, અજય દિનેશભાઈ દંતાણી, અનિલ દિનેશ દંતાણી, વિશાલ વાલજીભાઈ દંતાણી સામે પોલીસે જાહેરનામા ભંગ બદલ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ઉનાળો હવે તેનો ખરો રંગ બતાવી રહ્યો છે. કાળઝાળ ગરમી સૌને હેરાન પરેશાન કરી રહી છે. પશુ પંખીઓ પણ તેમાંથી બાકાત નથી. ઉનાળામાં પાણી માટે ઠેર ઠેર ભટકતા પંખીઓ માટે આપણે ઘર આંગણે પાણીના કુંડા મુકવા જોઈએ. આનાથી મોટી કોઈ સેવા નથી. ચકલીમાંથી ટપકતું થોડું થોડું પાણી આ પંખીઓની તરસ તૃપ્ત કરી રહી છે.

# શહેરના સે-૩ સી અને ૭ સી ખાતે સેનેટાઈઝેશન કરાયું





કોરોનાએ કોહરામ મચાવતા ફાયર ઓફિસર મહેશ મોડના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો વિવિધ સ્થળે સેનેટાઈઝેશનની કામગીરી કરી રહ્યા છે. શહેરમાં દવાનો છંટકાવ અને સેનેટાઈઝેશનની કામગીરી છેલ્લા એક માસથી ચાલી રહી છે. ત્યારે શહેરના સેકટર-૩ સી અને સેકટર-૭ સી ખાતે કોરોના પોઝીટીવ દર્દીઓ મળતા ફાયર ટીમના જવાનો દ્વારા સમગ્ર વિસ્તારને સેનેટાઈઝ કરવાની કામગીરી કરી હતી.

# સેકટર-૨૩ ખાતે બિનજરૂરી ટોળુ વળીને બેઠેલા પાંચ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગર પોલીસ કંટ્રોલ રૂમ ખાતે આજે ફોન આવ્યો હતો કે સેકટર-૨૩ શોંપીગ સેન્ટરની સામે કેટેગરીના મકાન દેશી તેમજ વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે. પોલીસને વર્ધી મળતા જ સેકટર-૨૧ પોલીસનો સ્ટાફના જવાનો તાત્કાલીક સેકટર-૨૩ ખાતે પહોંચી ગયા હતા. જયાં સરકારી શાળા પાસે માર્ગ પર ૫ નાગરીકો ઉભા હતા. તેમાંથી એક વ્યકિતએ રાજેશ ઉર્ફે ચિરકુટ પવાડેભાઈ આદિ દ્રવિડે (ઉં.૩૦, જીઈબી છાપરા) બાજુમાં ઉભેલા ગણપતસિંહ બાદરસિંહ રાઠોડ (ઉં.૨૬ સે-૨૩ મકાન નં ૩૯૨-૯ એ) સામે ઈશારો કરીને તે દારૂનું વેચાણ કરતો હોવાનું કહ્યું હતું. તેમજ ગણપતે દારૂ આપવાની ના પાડતા પોતે ફોન કર્યો હોવાનું રાજેશે કહ્યું હતું. જેને પગલે પોલીસે ગણપતસિંહના ઘરે જઈને તપાસ હાથ ધરી હતી, પરંતુ પોલીસને કંઈ મળી આવ્યું ન હતું. જેથી પોલીસે ગણપત, રાજેશ અને તેમની સાથે ઉભા રહેલા ચિંતન કીરીટભાઈ પરમાર (સેકટર-૨૩), રવિન્દ્રકુમાર પહિલાજરાય ચંચલાણી (સે-૨૩)અને અજય બહાદુર ધાંધલ (સે-૨૪ ઈન્દીરાનગર) સામે કાર્યવાહી કરી હતી. લોકડાઉન વચ્ચે ટોળુ વળીને ઉભા રહેવા બદલ પોલીસે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા રકતદાન માટે જાહેર અપીલ

ગાંધીનગર, તા.૨૮
કોરોના વાઈરસના કારણે હાલમાં લોહીની ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં તાકીદની જરૂર હોવાથી ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી – ગાંધીનગર જીલ્લાના ચેરમેન જીલુભા ધાધલ અને સેવાભાવી નિલેન્દુ વોરાએ ગાંધીનગરના નાગરિકોને રકતદાન કરવા નમ્ર અપીલ કરી છે. હોસ્પીટલમાં ખૂબ સારી વ્યવસ્થા છે. રક્તદાનના આ અભિયાનમાં ૧૮ થી ૬૫ વર્ષની દરેક તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ મહીને રક્તદાન કરી શકે છે. દાન તો ગુજરાતીના લોહીમાં જ છે. તો લોહીનું દાન કેમ નહીં? રકતદાન થકી કોઈનું જીવન બચાવવા આપણે સહભાગી થઈએ અને અન્યને પ્રેરણા પૂરી પાડીએ. આ બાબતે જરૂર પડ્યે સંપર્ક કરવા નિમેષ એમ. ચૌહાણે જણાવ્યું છે.

# વાવોલમાં હવે દુકાનો સવારે ૭ થી ૧૧ કલાક દરમ્યાન જ ખુલ્લી રહેશે

## માસ્ક વગર કોઈ સામાન નહીં મળે : શાકભાજી માટે સાંજે ૪ થી ૭ નો સમય : સાંજે દૂધ વિતરણ પર પ્રતિબંધ : ગામની સુખાકારી માટે નિર્ણય લીધા : સરપંચ

ગાંધીનગર તા. ૨૮
કોરોના વાયરસને કારણે રાજ્યભરમાં લોકડાઉન છે પરંતુ સરકાર દ્વારા થોડી ઘણી છૂટછાટો આપવામાં આવી છે પરંતુ બીજી તરફ કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ આ સપ્તાહે ચિંતાજનક રીતે કેસોની સંખ્યા વધી જવા પામી છે જેને અનુલક્ષીને વાવોલ ગ્રામ પંચાયત દ્વારા ગામમાં દુકાનો ખુલ્લી રાખવાનો સમય મર્યાદિત કરવામાં આવ્યો છે તેમજ શાકભાજી અને દૂધ વિતરણની વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. ગામમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને હજુ સુધી કોરોના મુક્ત રહેલા વાવોલ ગામને કોરોના વાયરસના સંક્રમણથી બચાવી શકાય તે માટે ગામના સરપંચ નગીનભાઈ નાડિયા અને ઉપસરપંચ ભાવનાબા ગોલની આગેવાનીમાં નિર્ણય લેવાયા હતા.

વાવોલ ગ્રામ પંચાયત દ્વારા જાહેર નોટીસ આપવા સાથે ગામના યુવા અને કાર્યશીલ સરપંચ નગીનભાઈ નાડિયાએ જણાવ્યું હતું કે હવે વાવોલ ગામમાં દુકાનો ખુલ્લી રાખવાનો સમય સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધી નિર્ધારિત કરવામાં આવ્યો છે તદુપરાંત શાકભાજી વિતરણ માટેનો સમય સાંજે ૪ થી ૭ કલાક સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યુ છે. આ સાથે સરપંચે જણાવ્યું હતું કે ગામમાં સાંજના સમયે દૂધ વિતરણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત વાવોલ ગ્રામ પંચાયત દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે વેપારીઓએ માસ્ક પહેર્યા વગર ખરીદી કરવા આવતા ગ્રાહકોને કોઈ પણ પ્રકારનો સામાન આપવો નહીં. આ નિર્ણય અંગે સરપંચે જણાવ્યું હતું કે દુકાનો પર ગ્રાહકોની ભીડ ન થાય અને સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે જોવાની જવાબદારી જે તે વેપારીની રહેશે. જો ગ્રાહકો ના માને અને ભીડ કરે તો વેપારીએ તે ક્ષણે દુકાન બંધ કરી દેવી. આ સાથે સરપંચે જણાવ્યું હતું કે વાવોલ ગામના વાયરસ સંક્રમણથી મુક્ત રાખી ગામના દરેક રહેવાસીઓની સુખાકારી જળવાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા આ નિર્ણયો લેવામાં આવ્યા છે જેના પાલન માટે તેમને ગ્રામજનોના સાથ અને સહકારની અપેક્ષા છે.



ગાંધીનગરમાં સેકટર-૬ બી ખાતે રહેતા યુવાન પરાગ દવે દ્વારા જ શંકરાચાર્ય જયંતી પ્રસંગે ઘરમાં જ રહી લઘુ રુદ્રીની પૂજા કરવામાં આવી હતી. લોક ડાઉનના સમયમાં શહેરના આ યુવાને ઘરે બેસી પૂજા કરી ઘરમાંથી બહાર નીકળતા લોકોને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પ્રવર્તમાન પરિસ્થિતમાં હેર કટિંગ ની દુકાનો બંધ છે, તેવા સમયે તેમના ભત્રીજા આદિત્ય દવે એ પરાગભાઈના વાળ કાપી આપ્યા હતા. શ્રદ્ધા હોવી તે સારી વાત છે, પણ તે માટે હાલનાં સમયમાં દેવ સ્થાને જવાની જરૂર નથી. ઘરે બેસી આસ્થાથી ભગવાન ને ભજી શકાય તેનું એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડયું છે.

# સેકટર-૨૪ ઇન્દિરાનગરમાં છેલ્લાં એક માસથી પારૂલ એસ. ફાઉન્ડેશનની અવિરત ભોજન સેવા

ગાંધીનગર, તા.૨૮
ગાંધીનગરમાં કોરોના મહામારી વચ્ચે લૉકડાઉનનાં કારણે કામધંધા ઠપ્પ થઈ ગયા છે જેના કારણે શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમા વસતા શ્રમિકો હાલાકી ભોગવી રહ્યા છે. આ સમયે ગાંધીનગરના સેક્ટર-૨૪માં ઈન્દિરાનગર વસાહતમાં રામદેવજીની ઝુંપડી ખાતેથી ‘પારૂલ એસ. ફાઉન્ડેશન’ દ્વારા છેલ્લાં એક માસથી અવિરતપણે બે ટંક ભોજન-સેવા ચલાવાઈ રહી છે. આ ભોજન સેવામાં ૧૧૦૦થી વધારે જરૂરીયાતમંદોને બંન્ને સમય અલગ અલગ પ્રકારનું ભોજન પુરું પાડવામાં આવી રહ્યું છે.



પારૂલ એસ. ફાઉન્ડેશનની દ્વારા ‘ભૂખ્યાને ભોજન’ પ્રોજેક્ટ હેઠળ ભોજન આપવાનુ સેવા કાર્ય ચાલી રહ્યુ છે. જેમાં આશરે રોજના ૧૧૦૦થી વધુ જરૂરિયાતમંદોને જમવાનું પીરસવામાં આવે છે. આ સેવા કાર્યમાં લૉકડાઉનના નિયમો અનુસાર યુવા સ્વયંસેવકો પોતાની સુરક્ષા માટે માસ્ક-હેન્ડ ગ્લોવ્ઝ-સેનેટાઇઝર વગેરેના ઉપયોગ કરવા ઉપરાંત અહીં સોશીયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવા સાથે પાલન કરાવે પણ છે. આ સેવા કાર્ય સંસ્થાના પ્રમુખ સંજય ડોડિયા અને મહામંત્રી નટવરસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં ચલાવાઈ રહ્યું છે. પારૂલ એસ. ફાઉન્ડેશનના સેવાકાર્યને સ્થાનિક કોર્પોરેટર ધીરૂભાઈ ડોડિયાએ પણ રૂબરૂ મુલાકાત લઈ પ્રશંસા કરવા સાથે સંસ્થાના હોદ્દેદારો તથા સ્વયંસેવકોને અભિનંદન આપ્યા હતા. આ સેવા કાર્યમાં ગણપતભાઈ ડોડીયા, ભરત સોલંકી, હિતેન મકવાણા, રમેશ રમકડું, જયંતિ પરમાર, દિનેશ રાણા, ભગાભાઈ, નરસિંહભાઈ, બાબુભાઈ, રાહુલ સલાટ અને વડીલ માર્ગદર્શક મેરૂભાઈ રાવલ સહિતના સ્વયંસેવકો પોતાની સેવા આપી રહ્યા છે.

# શહેરમાં દૈનિક જીવન શૈલીમાં હળદરનો વધતો વપરાશ

ગાંધીનગર, તા.૨૮
કોરોના વાયરસ સંક્રમિત થયેલા તમામ આજે હોસ્પિટલમાં છે. એ સિવાયની તમામ જનતા આજે લોક ડાઉનમાં છે. પરંતુ ઘરે રહીને પણ પોતાના સ્વાસ્થ્યની સંભાળ લેવી એ સૌ કોઈની ફરજ છે. શાકભાજી લેવા અર્થે કે જીવન જરૂરી ચીજ વસ્તુ લેવા અર્થે ઘરની બહાર નીકળવું પડે અને ભૂલથી પણ કોઈ સંક્રમિત સંપર્ક માં આવે તો જો વ્યક્તિની પોતાની ઈમ્યુન સિસ્ટમ અને ઈમ્યુનિટી પાવર પાવરધો હોય તો કોરોનાથી સંક્રમિત થવાના ચાન્સીસ ઓછા થઈ શકે છે. તેના માટે ઘરે રહીને સ્વાસ્થ્યવર્ધક ખોરાક સાથે રસોડામાં રહેલી અમુક ચીજવસ્તુઓને આરોગવી જરૂરી બની છે. જે વ્યક્તિના સ્વાસ્થ્યને સંભાળવામાં મદદરૂપ થઈ શકે.

ભારતીય રસોડામાં જોઈએ તો દરેક ઘરના મસાલીયામાં ઘણી રોગ પ્રતિકારક શક્તિ વધારે તેવી ચીજવસ્તુઓ સાથે અનેક રોગો સામે રક્ષણ આપતી વસ્તુઓ જોવા મળે. જેમાં ખાસ તજ, લવિંગ, મરી, જીરૂ, હળદર અને મેથી જેવી તમામ ચીજ વસ્તુઓ છે. જેના અનેક ફાયદા છે. જો આ દરેકને યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે લેવામાં આવે તો રોગ જડમૂળમાંથી નાબૂદ થઈ શકે છે. ખાસ હળદરની વાત કરીએ તો આયુર્વેદમાં કહેવાયું છે કે, હળદર એ તમામ રોગોની પેઈન કિલર છે અને આજે કોરોનાના કહેર વચ્ચે લડતી વખતે હળદરનું સેવન આ રોગથી બચાવી શકે છે. મુખ્યત્વે આ રોગનાં લક્ષણોમાં શરદી-ખાંસી અને તાવ હોય તેવું કહેવાય છે. આ આ તમામને જલ્દી મટાડવું હોય તેમાં હળદર મદદ રૂપ થઈ શકે છે. હળદરથી રેસ્પીરેટરી સિસ્ટમ સુધારી શકાય છે.





હળદરમાં પ્રોટીન વિટામિન કાર્બોહાઈડ્રેટ અને મિનરલ્સ રહેલા છે તથાં હળદર એન્ટિઓકિસડન્ટ એન્ટી ફંગલ અને એન્ટીસેપ્ટિક તરીકે કામ કરે છે. જેના સેવનથી કેન્સર શરદી-ખાંસી ડાયાબિટીસ, ટી.બી જેવા અનેક રોગનો સામનો કરી શકાય છે. પહેલાના સમયમાં જો શરદી-ખાંસી થાય તો મોટાઓ દરરોજ હળદર અને પાણીમાં તે દૂધ સાથે પીવડાવતા જેનાથી થોડાક દિવસોમાં શરદી-ખાંસીમાં સુધારો જણાતો અરે હાલ પણ અનેક લોકો આ નુસખાને અજમાવીને શરદી-ખાંસી ઘરે જ મટાડી રહ્યા છે. એક સર્વે પ્રમાણે રોજ એક ગ્રામ હળદર પાણીમાં તો દૂધ સાથે લેવાથી એમેઝોન સિસ્ટમ મજબૂત થાય છે સાથે મેટાબોલિઝમમાં પણ સુધારો થાય છે દરેક ઋતુમાં થતા ફેરફારો અને જેના લીધે થતા રોગો સામે લડવાની શક્તિ હળદરનું સેવન કરવાથી મળી રહે છે આ લોક ડાઉન ના સમયમાં હળદરનો ઉપયોગ અલગ અલગ રીતે થઈ રહ્યો છે. વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને હવે તો અમુલ કંપની દ્વારા પણ હલ્દી દૂધ ન્યુ લોન્ચ થયું છે. એક સર્વે મુજબ કોરોનાની આ મહામારીના લીધે વિદેશમાં પણ હળદરની માંગ વધી છે. ડાયટ અને એક્સરસાઈઝ કરતા યુવાનો પણ હલ્દી લાઈમ ટી પીને દિવસો પસાર કરી રહ્યા છે. સાથે શહેરના અમુક ઘરોમાં દરરોજ રાત્રે હલ્દી મિલ્ક પીવાનો નિયમ બની ગયો છે. આ ઉપરાંત સ્કિન માટે ગુણકારી છે હળદરનો ઉપયોગ એન્ટી એજિંગ ક્રીમ બનાવવા માટે પણ થાય છે તથા આ લોકડાઉનના દિવસોમાં યુવતીઓ ફેસ પેક બનાવવામાં હળદરનો ખાસ ઉપયોગ કરી રહી છે અને સોશીયલ મીડિયામાં ડી.આઈ.વાય બનાવી ને અપલોડ કરી રહી છે ઉલ્લેખનીય છે કે, ત્વચાની સુંદરતામાં વધારો કરવા માટે હળદર ઉત્તમ ગણાય છે.

આમ, બીમાર પડીએ ત્યારે દવાઓ લેવી કે દવાખાનાના ચક્કર લગાવવા એના કરતા દૈનિક જીવનશૈલીમાં જો યોગ્ય પ્રમાણમાં હળદરના સેવનનો ઉમેરો કરવામાં આવે તો કાંઈ નુકસાન નથી કે કાંઈ ખોટું પણ નથી.